
મુંબઈ ઈલાકાની પ્રશ્નોત્તર ભૂગોળ.

છોકરાઓને ખાનગી શીખવાને વાશતે

બનાવનાર

છોટેલાલ ગોવનલાલ

આવૃત્તી પેહેલી.



સુરત મધે

કાગુંપીઠની શડક ઊપર સીટી સેંટ્રલ

પ્રેશમાં " કેસુરજી રૂઘનાથજીએ છાપી.

સને ૧૮૮૬ — શંવત ૧૯૪૨

કીમત દોઢ આનો.

૨૫૮૯

મુંબઈ ઈલાકાની પ્રશ્નોત્તર ભૂગોળ

(વ્યાખ્યાઓ.)

સવાલ—છોકરાઓ કહો નકશો એટલે શું?

જવાબ—દરેકનો નમુનો અથવા આકાર તે.

સવાલ—ખંડ એટલે શું?

જવાબ—જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા હોય તે.

સવાલ—દેશ એટલે શું?

જવાબ—જેમાં ઘણા એક પ્રાંતો ઈલાકા, તથા જીલ્લા આવેલા હોય તે.

સવાલ—પ્રાંત કોને કહીએ?

જવાબ—જેમાં ઘણાં એક સંસ્થાન, જીલ્લા, વગેરે આવેલા હોય તે.

સવાલ—ઈલાકો એટલે શું?

જવાબ—જેમાં ઘણાં શહેરો તથા ખંડીઆ મુલકો આવેલા હોય તે.

સવાલ—જીલ્લો કોને કહીએ?

જવાબ—જે ઘણાં પ્રગણાં મળીને થયો હોય તે.

સવાલ—પ્રગણું એટલે શું?

જવાબ—જેના તાબામાં ઘણાં નાનાં મોટાં ગામો આવી તાલુકો બંધાએલો તે.

સવાલ—ગામ એટલે શું?

જવાબ—થોડાંક ઘરોની વસ્તી હોય તેને ગામ કહે છે.

સવાલ—કસ્બો કોને કહીએ?

જવાબ—જેમાં ઘણાં લોકોની વસ્તી આવી હોય ને બજાર હોય ત્યાં મોટાં ગામોને કસ્બો કહે છે.

સવાલ—શેહેર કોને કહીએ?

જવાબ—જ્યાં મોટાં મોટાં મકાન ચારે બાજુ પાકાં બાંધેલાં હોય અને સારાં સારાં મંદિરાં અને બજાર હોય તે.

સવાલ—બંદર એટલે શું?

જવાબ—નદી કે દરીઆ કાંઠે વેપારનું મથક હોય ને જ્યાં વહાણ આવી શકે તે.

સવાલ—રાજધાની એટલે શું?

જવાબ—રાજગાદીનું શેહેર હોય તે. એટલે જ્યાં રાજા રેહેતે હોય તે.

સવાલ—સંસ્થાન એટલે શું?

જવાબ—રાજાઓના વશ કરેલા નાના નાના પરગણા મુલક તે.

સવાલ—જમીનના ઉપરથી મોટા ભાગો કેટલા પડેલા છે. અને તે દરેકને શું કહે છે?

જવાબ—ચાર છે. એશિઆ. યુરોપ. આફ્રીકા. અને અમેરીકા. એ શીવાય પાંચમો છે. તેને આસ્ટ્રેલિયા કરીને કહે છે. દરેક ભાગને ખંડ કહે છે.

સવાલ—જમીનના ભાગો કયા કયા?

જવાબ—મહાદ્વીપ, બેટ, દ્વીપકલ્પ, સંયોગભૂમી, ભૂશિર પર્વત અથવા ડુંગર. એવા એવા છે.

સવાલ—મહાદ્વીપ એટલે શું?

જવાબ—જમીનના જે મોટા ભાગને મહાસાગરે વીંટાઈને તેમાં ઘણા દેશો વગેરે હોય તે.

સવાલ—બેટ કોને કહીએ?

જવાબ—જેની ચારે તરફ ફરતું પાણી ને વચમાં જમીન હોય તે.

સવાલ—દ્વીપકલ્પ એટલે શું?

જવાબ—જે જમીનના ભાગને ત્રણ બાજુએ પાણી વીંટાએલું હોય ને એક બાજુએ જમીન વીંટાએલી હોય તે.

સવાલ—સંયોગી ભૂમી એટલે શું?

જવાબ—જમીનના બે મોટા ભાગને સાંધનારો જે જમીનનો સાંકડો ભાગ.

સવાલ—ભુશિર એટલે શું?

જવાબ—જે જમીન પાતળી લાંબી વધીને સમુદ્રમાં ગએલી હોય તેને ભુશિર, ભશનાકો અથવા કેપ કહે છે.

સવાલ—પર્વત, ડુંગર કે પહાડ કોને કહીએ?

જવાબ—જમીન ઉપર જે મોટા ઊંચા ટેકરા હોય તે ડુંગર, એવા ઘણા ડુંગર સાથે જોડાઇને પૃથ્વીની સપાટીથી ઘણા ઊંચા ગએલા તે પહાડ, અને એવા એવા ઊંચા પહાડો જોડાઇને સાથે લાંબા પોહોળા પથરાએલા તે પર્વત કહેવાય છે.

પાણીના ભાગ વિષે.

સવાલ—પૃથ્વી ઉપર પાણીના કયા કયા ભાગો પડેલા છે?

જવાબ—નદી, સરોવર, સમુદ્ર, અખાત, ઉપસાગર; સામુદ્રધુની, મહાસાગર, અને ખાડી.

સવાલ—નદી કોને કહીએ?

જવાબ—મોટા પાણીનો પ્રવાહ ડુંગર, પર્વત, કે સરોવરમાંથી નીકળીને સમુદ્રને મળે છે તે.

સવાલ—સરોવર એટલે શું?

જવાબ—આસપાસ ચારે તરફ જમીન અને વચમાં પાણી હોય તે.

સવાલ—સમુદ્ર કોને કહીએ?

જવાબ—મહાસાગર કરતાં નાનો ખારાં પાણીનો ભાગ, તે સમુદ્ર, સાગર કે દરીઆ કહે છે.

સવાલ— અખાત કોને કહીએ?

જવાબ—જમીન ઉપર ઘણો લાંબો ગએલો જે સમુદ્રનો ફાંટો તેને

સવાલ—ઉપસાગર કોને કહેવો?

જવાબ—અખાતનું મોં પોહોળું થયલું તે.

સવાલ—સામુદ્રધુની એટલે શું?

જવાબ—જે સાંકડો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધે છે તે.

સવાલ—મહાસાગર એટલે શું?

જવાબ—એટલે મોટો સાગર અથવા સમુદ્ર જેકે પૃથ્વી ઉપર ખારાં પાણીના મોટાં પાંચ ભાગ કરેલા છે તેમાંનો એક ભાગ તે.

સવાલ—મહાસાગર કેટલા છે અને તે કયા કયા છે તેનાં નામ દો?

જવાબ—પાંચ છે, તેનાં નામ ૧ ઉત્તર મહાસાગર. ૨ દક્ષિણ મહા

સાગર, ૩ આટલાન્ટીક મહાસાગર, ૪ પાસેફીક મહાસાગર, ૫ હિંદી મહાસાગર.

સવાલ—ખાડી એટલે શું?

જવાબ—સમુદ્રને મળવાની આગમચ ભરતીનું પાણી માંહે આવે એવું નદીનું મોં જે પોહોળું હોય તે.

સવાલ—નદીનું મૂળ અને મુખ એટલે શું?

જવાબ—નદી જે ઠેકાણેથી નીકળે છે. તે ઠેકાણાને મૂળ કહે છે અને જ્યાં સમુદ્રને મળે છે, તે જગાને મુખ કહે છે.

સવાલ—જમીનના જે ભાગથી પાણીના જે ભાગ ઉલટા આવેલા છે તે ક્યા ક્યા છે?

જવાબ—જેમકે,

જમીનના ભાગ.		પાણીના ભાગ.
મહાદ્વીપથી	ઉલટો	સમુદ્ર અથવા સાગર.
દ્વીપથી	ઉલટું	સરોવર.
દ્વીપકલ્પથી	ઉલટો	ઉપસાગર તથા અખાત.
સંયોગીભૂમીથી	ઉલટી	સામુદ્રધુની.
કેપ અથવા ભુસલાકાથી	ઉલટી	ખાડી.

દિશાઓ.

સવાલ—છોકરાઓ કહો દિશાઓ કેટલી છે?

જવાબ—દિશાઓ ચાર છે તેના નામ ઉત્તર દક્ષિણ પુર્વ, પશ્ચિમ.

સવાલ—દિશાઓ કેમ પારખવી તે તમને ખબર છે?

જવાબ—હાજી, સૂરજ ઉપરથી; જો સૂરજ ન દેખાતો હોય, તો ધ્રુવના તારા ઉપરથી.

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા કેમ જાણીએ?

જવાબ—જેણી તરફ રોજ સૂરજ ઉગે છે તે પૂર્વ દિશા જાણવી. અને સાંજે આથમે છે તે પશ્ચિમ દિશા જાણવી.

સવાલ—ઉત્તર અને દક્ષિણ કેમ જણાય?

જવાબ—આપણે પૂર્વ દિશા ભણી મોં કરીને ઉભા રહેવું, પછી જે ણી તરફ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર દિશા સમજવી ને જેણી તરફ જમણો હાથ આવે તે દક્ષિણ દિશા જાણવી

સવાલ—ખુણા કેટલા છે?

જવાબ—તે ચાર છે. ૧ વાયવ. ૨ ઇશાન ૩ નૈરૂત્ય, ૪ અગ્નિ

સવાલ—તે કઈ કઈ દિશાઓની વચ્ચે છે?

જવાબ—ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો વાયવ ખુણો સમજવો. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ઇશાન ખુણો સમજવો, તેમ જ દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનો નૈરૂત્ય ખુણો સમજવો, અને દક્ષિણ તથા પૂર્વ દિશા વચ્ચેનો અગ્નિ ખુણો સમજવો.

મુંબાઈ ઈલાકો

સવાલ—છોકરાઓ, આપણું મુંબાઈ ક્યાં છે, તે તમે જાણો છો?

જવાબ—હાજી, એ હિંદુસ્તાનની પશ્ચિમ તરફ એક મોહોટું વેપારનું બંદર છે.

સવાલ—મુંબઈમાં કેટલા માણસની વસ્તી છે? અને એ સેહેરમાં વસનારા લોકો કેવા છે?

જવાબ—એમાં આસરે સાડા આઠ લાખ માણસની વસ્તી છે. તેમાં પારસી, હિંદુ, ભાટીઆ ને ખોજાની ઘને વસ્તી ઘણી ને, તેઓ ઘણા પૈસાદાર ને મોટા વેપારી છે.

સવાલ—એ શેહેર કેવું છે? અને એ વગર બીજી જાણવા જોગ હકીગત શી છે?

જવાબ—એ મુંબાઇ શેહેર ઘણું શોભીતું અને જોવા લાયક છે. એમાં વિલાયત વગેરે બહાર દેશાવરથી ઘણી જાતના પદાર્થો, તેમજ કાપડ, ચીનાઈખાનું, રેશમ, કરીઆણું વગેરે પુશ્કળ માલ આવે છે અહીંનાં ઘરોની બાંધણી ઘણી જાતની ને સરસ છે. જમીન પથ્થરની તેથી પાણી તો બહુ સારાં નથી હોતાં, પણ હાલ કેટલાક મુદ્દત થયાં દુરથી તળાવમાં નળ મુકી લાવેલા છે તેથી સારાં થયાં છે આ ઈલાકાનું એટલે મુંબઈ ઈલાકાનું મુખ્ય શેહેર મુંબઈ છે. તેથી સૈથી મોટી દરેક જાતની ઈનસાફની કચેરી અહીંઆ છે. એ ઈલાકાના વડા અધીકારી ગવરનર સાહેબ પણ અહીંઆ રહે છે.

સવાલ—મુંબાઈ ઇલાકો એટલે શું?

જવાબ—મુંબઈ અને તેની સાથે આવેલાં બીજા સંસ્થાન પ્રાંત, અને મુલકો મળીને થયલો છે, તે.

સવાલ—મુંબઈ ઈલાકાની ચાર દિશાની હદ કહો?

જવાબ—સિંધ પ્રાંત આ ઇલાકાના બીજા પ્રાંતોથી છેક નીરાળો

છે. તેથી સિંધ પ્રાંત એક કોરે મુકતાં એની હદ આ પ્રમાણે થાય છે. ઉત્તરે મારવાડ. શીરોઈ ગાયકવાડનો અને હોલકરનો મુલક, પૂર્વે હોલકરનો મુલક, સિંધીઆનો મુલક, નિઝામનો મુલક. અને મદ્રાસ ઈલાકો; દક્ષીણે પોર્ટુગીઝ લોકોનો ગો-આંતપ્રાંત. અને મદ્રાસ ઈલાકો. પશ્ચિમે ખંભાતનું અખાત, અરબીસમુદ્ર, અને ગાયકવાડનો મુલક છે.

સવાલ—મુંબઈ ઈલાકાના કેટલા અને કયા કયા ભાગ છે?

જવાબ—પાંચ. તેનાં નામ સિંધ પ્રાંત, કચ્છ પ્રાંત, ગુજરાત પ્રાંત, મહારાષ્ટ્ર, અને દક્ષિણ માહારાષ્ટ્ર.

સવાલ—મુંબઈ ઈલાકામાં સૌથી ઉત્તરે કયો પ્રાંત છે?

જવાબ—ઉત્તરે પંજાબ ઈલાકાનો દામન પ્રાંત તથા ભાવલપુર અને બલુચીસ્તાનનો ભાગ છે, પૂર્વે જેસલમીર, ને મારવાડ છે. દક્ષિણે કચ્છ તથા અરબી સમુદ્ર છે, પશ્ચિમે બલુચીસ્તાન તથા સુલેમાનના પહાડો આવેલા છે.

સવાલ—સિંધ પ્રાંતમાં કેટલા તથા કયા કયા જીલ્લા આવેલા છે?

જવાબ—ચાર છે; હૈદ્રાબાદ જીલ્લો, શિકારપુર જીલ્લો, કરાંચી જીલ્લો, અને હદ પારના સંસ્થાન.

સવાલ—સિંધપ્રાંતમાં સૌથી ઉત્તરમાં કયો જીલ્લો છે?

જવાબ—શિકારપુર જીલ્લો.

સવાલ—શિકારપૂરથી કરાંચી જવું હોય તો ક્યાં થઈને જવાય?

જવાબ—શિકારપૂરથી દક્ષિણે જતાં ખેરપુર આવે, અને તેની દક્ષિણે જઈએ તો હૈદ્રાબાદ આવે અને હૈદ્રાબાદથી પશ્ચિમ ત

એ સિંધુનદી ઉતરીને કરાંચી જવાય.

સવાલ—સિંધ પ્રાંતમાં મોટામાં મોટી નદી કઈ છે. તથા તેના પર ક્યાં ક્યાં શેહેર આવ્યાં છે?

જવાબ—મોટામાં મોટી નદી સિંધુ એના પર કરાંચી કાલાબાગ સકર, બકર, અનરકોટ, મીથનકોટ, પેશાવર, અટક, લદક, અથવા લેહ એ શેહેરો આવેલાં છે.

સવાલ—એ નદીનાં બીજાં નામ ક્યાં છે અને તે ક્યાંથી નીકળી કોને મળેછે?

જવાબ—એ નદીનાં અટક અને મેહરાન એ બેનામ આપેલાંછે. એ સ્વતંત્ર ટીબેટના પહાડમાંથી નીકળીને હિંદુસ્થાનની પશ્ચિમ બહાર થઈ અરબી સમુદ્રને મળેછે.

સવાલ—એ નદીનું અટક નામ શા ઉપરથી પડ્યું અને એના ઉપર ક્યા પાદશાહે કીલ્લો બંધાવેલો છે?

જવાબ—એ નદીની પેલી તરફ જતાં હિંદુ લોક અટકેલા તે એવા કારણથી કે આગળ જઈએ તો વટલાઈએ તેથી અટક નામ પડ્યું હશે. અને એના ઉપર અકબર બાદશાહે અટક નામનો કીલ્લો બાંધેલો છે.

સવાલ—એ સિંધપ્રાંત અંગ્રેજ સરકારના હાથમાં ક્યારે આવ્યો?

જવાબ—એ પ્રાંત ત્યાંના રાજ્ય ચલાવનાર અમીરો પાસેથી સરચાર્લ્સ નેપીયર નામના સરદારે સન ૧૮૪૨–૪૩માં જીતી લીધો.

સવાલ—એ પ્રાંતમાં આવેલા જીલ્લા, તેનું ક્ષેત્રફળ, તેમાંના લોકોની વસ્તી વગેરે કહો?

જવાબ—નીચે મુજબ છે.

જીલ્લાનું નામ.	તેના મુખ્ય શહેર	તેનું ક્ષેત્રફળ. ચોરસમૈલ.	તેમાં લોકોની સંખ્યા
કરાંચી.	કરાંચી.	૧૪૦૮૦.	૪૨૩૪૯૫
હૈદ્રાબાદ.	હૈદ્રાબાદ.	૯૬૩૧	૭૨૧૯૪૦
શિકારપુર.	શિકારપુર.	૮૮૦૯	૭૭૬૧૨૦
ઉપલા સિંધનાં સરહદ.	જકોબાબાદ.	૧૯૧૩	૧૯૬૮૫

સવાલ-સિંધ પ્રાંતથી દક્ષિણમાં જઈએ તો કયો પ્રાંત આવે?

જવાબ—કચ્છ પ્રાંત આવે.

સવાલ—એમાં મુખ્ય શહેર ક્યાં છે?

જવાબ—એમાં મુખ્ય શહેર ભુજ અને માંડવી છે

સવાલ—એ કચ્છ પ્રાંતની ચાર દિશાએ શું શું છે.

જ—ઉત્તરે કચ્છનું રણ અને તેની પેલી તરફ સિંધ પ્રાંત છે પૂર્વે વાગડનું રાજ્ય છે; દક્ષિણે કચ્છનો અખાત છે પશ્ચિમે સિંધુ નદીનું મુખ છે.

સવાલ—એ પ્રાંતમાં નદી, પહાડ વગેરે કાંઈ આવેલા છે?

જવાબ—ના. રણને લીધે કોઈ નદી આવેલી નથી. ડુંગરની ઓળો બાપી નાની મુખ્ય છે.

સવાલ—આપણે કચ્છ પ્રાંતની અગ્નિકોણમાં જઈએ તો કયો પ્રાંત આવે.

જવાબ—ગુજરાત પ્રાંત આવે.

સ—ગુજરાત પ્રાંતની આસપાસ શાની હદ છે?

જ—એની ઉત્તરે મારવાડ તથા શીરોહી અને મેવાડ. દક્ષિણે દમણ ગંગા નદી અને થાણા જીલ્લો, ખંભાતનો અખાત ને આરબી સમુદ્ર. પૂર્વે માળવા ખાનદેશ અને સાતપુડા પહાડ. પશ્ચિમે, કચ્છનું રણ, કચ્છનો અખાત, ને આરબી સમુદ્ર છે.

સવાલ ગુજરાતની અસલની રાજધાનીનું શેહેર કયું? હાલની રાજધાનીનું શેહેર કયું અને તે કઈ નદીના ઉપર આવેલાં છે?

જવાબ— અસલની રાજધાનીનું શેહેર સિધપુર પાટણ સરસ્વતી નદીના કાંઠા પર છે. અને હાલની રાજધાનીનું શેહેર અમદાવાદ. સાબરમતીને કાંઠે છે.

સ—ગુજરાતમાં એજન્સી કેટલી અને કઈ કઈ છે?

જ—એજન્સી પાંચ છે તેના નામ ૧—કાઠીઆવાડ. ૨—પાલણપુર ૩—મહીકાંઠા ૪—રેવાકાંઠા. ૫—સુરત એજન્સી.

સવાલ—એ એજન્સીનાં મુખ્ય શેહેર કયાં કયાં છે? અને તે કઈ નદી ઉપર છે.

જવાબ—નીચે મુજબ.

એજન્સીનું નામ	તેનું મુખ્ય શેહેર.	જે નદી ઉપર છે. તે નદીનું નામ.
કાઠીઆવાડમાં	રાજકોટ.	આજીનદીપર.
પાલણપુરમાં	ડીસા	બનાસ નદીપર.
મહીકાંઠામાં	સાદરા તથા ઈડર સાદરા સાબરમતી ઉપર છે.	
રેવાકાંઠા.	નાંદોદ, બારીઆ, લુણાવાડા.	

નાંદોદ નર્મદાપર છે, લુણાવાડા મહી ઉપર છે.

સુરતમાં   વાંસદા ધરમપુર ને સચીન.

સવાલ—ગુજરાતમાં કઈ કઈ નદીઓ છે. અને તેના ઉપર ક્યાં ક્યાં મુખ્ય શેહેરો અને કસબા આવેલા છે?

જવાબ નીચે પ્રમાણે.

નદીઓનાં નામ	તેનાપર આવેલા શેહેર અને કસબા.
૧ બનાસ.	રાધનપુર ડીસા વગેરે છે.
૨ સરસ્વતી	પાટણ, સિધપુર, કાંતા. વગેરે છે.
૩ સાબરમતી.	અમદાવાદ સાદરા, પેથાપુર
૪ મેશ્વો.	હરસોલ.
૫ ખારી.	રેલાયણ, લાલપુર.
૬ વાત્રક.	મેમદાવાદ.
૭ સેઢી.	ખેડા, ડાકોર. વાડાશીનોર.
૮ વિશ્વામિત્રી,	વડોદરા.
૯ મહી.	ખંભાત, લુણાવાડા.
૧૦ ઢાઢર.	ડંકારીઆ બંદર, નાંદોડ વગેરે.
૧૧ નર્મદા મોટામાં મોટી છે.	ભરૂચ, આમોદ કસબાઓ.
૧૨ કીમ.	ઈલાવ કોંઢા વગેરે.
૧૩ તાપી.	સુરત બુરહાનપુર. રાંદેર.
૧૪ મીંઢોળા.	બારડોલી, બાજ વગેરે કસબા છે.
૧૫ પૂર્ણા	નવસારી. બુહારી વાલોડ વગેરે કસબા છે.
૧૬ અંબીકા.	બીલીમોરા કસબો છે.
૧૭ કાવેરી	ચીખલી કસબો.

૧૮ ઔરંગા — વલસાડ કને છે.
૧૯ પાર — પારનેરા ડુંગરી કીલો છે
૨૦ કોલક — બગવાડા કને છે.
૨૧ દમણગંગા — દમણ શેહેર છે એ ફીરંગી એટલે મ
ફ્રેંચ ગોઝ ના તાબામાં છે.

સવાલ—ગુજરાતમા ઘણા ખરા ભાગમાં હાલ કયા લોકોની સત્તા ચાલે છે.

જવાબ—એમાંનો ઘણો ખરો ભાગ હાલ અંગરેજ સરકારના તાબામાં છે ને કેટલોક ભાગ ગાયકવાડ સરકારના હવાલામા છે તેમ કેટલાક જુજ ભાગ પર નવાબ તથા બીજા રાજાઓની સત્તા છે.

સવાલ—ગુજરાતમાં આવેલા ચાર જીલ્લાના નામ તેનું ક્ષેત્રફળ, અને તેની વસ્તી લખો!

જવાબ—નીચે પ્રમાણે.

જીલ્લાનાં નામ	મુખ્ય શેહેર.	ક્ષેત્રફળ.	વસ્તી.	કઈ નદીપર
સુરત.	સુરત.	૧૫૮૮	૭૩૦૮૩૬	તાપી
ભારચ.	ભારચ	૧૩૬૩	૩૫૦૩૨૨	નર્મદા
ખેડા.	ખેડા.	૧૫૬૧	૭૮૨૭૩૩	વાત્રક નદીના સંગમ પર
અમદાવાદ.	અમદાવાદ.	૩૮૪૪	૮૨૯૬૩૭	સાબર મતીપર છે

સવાલ—આપણે ગુજરાત પ્રાંતથી દક્ષિણે જઈએ તો શું આવે.

જવાબ—મહારાષ્ટ્ર પ્રાંતના [illegible] પહેલો ભાગ.

સવાલ—મહારાષ્ટ્રની આબોહવા [illegible] છે.

જવાબ—ડુંગર [illegible] [illegible] સુધી [illegible] અને [illegible] નદીઓ. [illegible] અર્બુદ છે. દક્ષિણ [illegible] મહારાષ્ટ્ર [illegible] છે.

સવાલ—મહારાષ્ટ્ર પ્રાંતના બે ભાગ [illegible] થયા છે અને દરેક ભાગનું શું કહેવું? અને એમાં રહેનાર લોકોની [illegible]

જ—સહ્યાદ્રી પર્વત વચ્ચે પડવાથી બે ભાગ થયા છે. જે પર્વતની [illegible] તરફના ભાગને કોંકણ કહે છે, અને તેમાં રહેનાર લોક કુંકણી કહેવાય છે. તેમને પૂર્વ તરફના ભાગને દક્ષિણ [illegible] છે અને એમાં રહેનારાઓને દક્ષિણી કે મરાઠા કહે છે.

સવાલ—એ દક્ષિણ [illegible] ક્યા ક્યા જીલ્લા આવ્યા? અને તેમનુ [illegible] શહેર ક્યાં [illegible] ક્ષેત્રફળ કેટલું ને વસ્તી કેટલી છે તે લખો.

જીલ્લાનું નામ.	મુખ્ય શહેર.	ક્ષેત્રફળ	વસ્તી.	[illegible]
ખાનદેશ	ધુળીયા	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	૧૧૩૯૮૩૮	[illegible]
સોલાપુર	સોલાપુર.	૪૫૨૧	૭૦૫૧૧૫	[illegible]
પુના	પુના.	૫૩૪૮	૯૯૩૦૩૫	[illegible]
સતારા	સતારા	૪૩૭૦	૧૧૧૯૦૫૦	[illegible]

સવાલ—કોંકણ પ્રાંતમાં ક્યા ક્યા જીલ્લા આવ્યા અને તેમાનું મુખ્ય શહેર કયું, ક્ષેત્રફળ કેટલું, વસ્તી કેટલી છે તે લખો?

—માહીમ, અલીબાગ. ભાગ્રા ૫૪૦૦ ૯૭૪૧૦૦ મરાઠી વગેરે.
નાગપુર. રત્નાગીરી. ૪૫૦૦ ૬૭૨,૩૬૭ મરાઠી

સવાલ—મહારાષ્ટ્ર દેશમાં મોટામાં મોટી નદીઓ કઈ અને તેમના પર આવેલાં શહેરો કયાં?

જવાબ—નીચે મુજબ.

નદીઓનાં નામ	તેના પર આવેલાં શહેરો વગેરે
તાપી.	બરહાનપુર, સુરત વગેરે.
ગોદાવરી.	નાસીક, પેઠણ, ... વગેરે
ભીમા.	પંઢરપુર.
કૃષ્ણા.	જમખંડી કમળાપુર.

સવાલ—મહારાષ્ટ્ર દેશમાં રેલ્વે કઈ કઈ છે?

જવાબ—રેલ્વે નીચે મુજબ.

રેલ્વેનું નામ.	તેના મુખ્ય સ્ટેશન
ભી. ઇ. ... [illegible]	
પેઠ	
... [illegible]	

સવાલ—એ રેલ્વેઓ કોને તાબે છે?

જવાબ—નીઝામ સરકારની રેલ્વે ... છે. તેમજ ગ્રેટ ઇન્ડિયન પેનીન્સ્યુલા કંપનીની રેલ્વે ... ના કબજામાં છે. ... ઇત્યાદિ

સવાલ—મહારાષ્ટ્ર અને દક્ષિણ દેશ કોની પાસેથી મળ્યો?

જવાબ—એ મુલક સને ૧૮૧૮માં પેશ્વા બાજીરાવ પાસેથી મળ્યો છે.

સવાલ—મહારાષ્ટ્ર દેશની દક્ષિણે કયો પ્રાંત આવે?

જ—પોર્તુગીઝ લોકોનો ગોવા પ્રાંત અને દક્ષિણ મહારાષ્ટ્ર

સવાલ—દક્ષિણ મહારાષ્ટ્ર તેની હદ કઈ?

જવાબ—ઉત્તરે મહારાષ્ટ્ર. પૂર્વે બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે પોર્તુગીઝ લોકોનો મુલક અને દક્ષિણે નિઝામનું રાજ.

સવાલ—દક્ષિણ મહારાષ્ટ્રમાં આવેલા જીલ્લા તેના શેહેર તેનું ક્ષેત્રફળ અને તેની વસ્તી જણાવો.

જવાબ—નીચે મુજબ છે.

જીલ્લાનું નામ.	તેના શેહેર.	ક્ષેત્રફળ.	વસ્તી
કોલાપુર.	કોલાપુર.		
બેલગામ.	બેલગામ.	૧૩૧૦૬	૧૦૩૩૩૭૩
ધારવાડ.	ધારવાડ.	૪૫૬૪.	૯૮૮ ૩૭૦
ઉત્તર કનેરા.			

સવાલ—દક્ષિણ મહારાષ્ટ્રમાં મુખ્ય નદી કઈ છે?

જવાબ—કૃષ્ણા, એ ઉપર જંબખંડીને કમળાપુર છે. તુંગભદ્રા એના ઉપર હમપાસર છે.

સવાલ—મુંબઈ ઇલાકામાં કયા પર્વતો આવ્યા છે. + અને તે કઈ જગાએ છે?

જવાબ—સહ્યાદ્રી પર્વત અને શાતપુડાનો પહાડ છે. સહ્યાદ્રી પર્વત એ દક્ષિણ દેશ અને કોકણને જુદા પાડે છે. એ વગર પાલીતાણા, ગીરનાર, પારનેરા, પાવાગઢ વગેરે ડુંગરો છે.

સવાલ—મુંબઈ ઇલાકામાં પોર્તુગીઝ લોકોનું રાજ કયાં છે? અને એ કયાંના રેહવાશી?

જવાબ—દમણ, દીવ, અને ગોવા એ ત્રણ જગાઓ છે એ લોકો યુરોપખંડના પોર્તુગાલના રેહવાશી.

જથાબંધ ચોપડીઓ લેનારને ઘણુંજ શારૂં કમીશન આપવામાં આવશે.

